સુરત શહેરી વિકાસ સત્તામંડળ આ યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજુરી માટે મોકલે તે પહેલાં આ વાંધા અને સૂચનોની તેના **ગુણદોષ પર વિચારણા કરશે.**

**સુરત, ૨૪ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.**

**પંકજ જોષી,**
ઈ. ચા. મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

---

# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

## અધિસૂચના

**નગર રચના યોજના નં. ૩૮ (વરિયાવ) : સુડા, સુરતનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે.**

પત્ર નં. : સુડા/પુ. ૩/ટીપીએસ-૩૮ (વરિયાવ)/૨૦૦૫.-આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને નિયમો ૧૯૭૯ હેઠળ નગર રચના યોજના નં. ૩૮ (વરિયાવ) : સુડા : સુરતના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૩૧-૦૧-૨૦૦૪ના ઠરાવ નં. ૨૩૦૭(૩) થી મુસદ્દારૂપ નગર રચના યોજના કરવાનો ઈરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા'ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે, આ નિયમો અનુસારની કાર્યવાહીમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ ના નિયમ-૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે. આ પ્રમાણેની પ્રસિધ્ધિ કરવાની સમય મર્યાદા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ નં. : નરચ/૧૪૦૨/૪૧૦૦/લ. તા. ૦૧-૧૨-૨૦૦૪થી તા. ૩૧-૦૧-૨૦૦૫ સુધી લંબાવવામાં આવી છે. ઉક્ત નગર રચના યોજનાની હદો નીચે મુજબ છે.

## ચતુઃસીમા

**નગર રચના યોજના નં. : ૩૮ (વરિયાવ) : સુડા : સુરત.**

ઉત્તરે : લાગુ રેલ્વે લાઈનની હદ તેમજ વરિયાવના બ્લોક નંબર ૨૨૯/૨/પૈકી, ૨૩૦/પૈકી, ૨૩૧/પૈકી, ૧૩/૨/પૈકી.

દક્ષિણે : લાગુ તાપી નદી તથા વરિયાવ ગામતળની હદ.

પૂર્વે : લાગુ ખાડીની હદ તથા (સુચિત) નગર રચના યોજના નં. ૩૭ (વરિયાવ) ની હદ.

પશ્ચિમે : મોજે વરિયાવના લાગુ બ્લોક નંબર. ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨/૧, ૧૭૨/૨, ૩૬ વિગેરે.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂં સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી "સુડા ભવન", કલેક્ટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

યોજનાના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ તેના વાંધા આ નોટિસ સરકારી રાજ્યપત્રમાં જાહેર થયેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરવા.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ આ યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજુરી માટે મોકલે તે પહેલા આ વાંધા અને સૂચનોની તેના ગુણદોષ પર વિચારણા કરશે.

સુરત, ૨૪ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

**પંકજ જોષી,**
ઈ. ચા. મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.